સચિવાલયના બ્યુટીફિકેશન માટે ૨૦ કરોડ ખર્ચાઈ રહ્યા છે એ આનંદની વાત નથી. એનાથી દિવાલો પર થૂંકવાનું અને પાન ખાઈને પિચકારીઓ મારવાનું કોઈ બંધ નથી કરવાનું !

ગાંધીનગર ખાતે દ્વિતીય ગુજરાત રાજ્ય કરાટે સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય 'જીતુ કુને ડૉ. એસો.ના સહયોગથી માર્શલ આર્ટના ભગવાન સમા 'બ્રુસલી' દ્વારા શોધાયેલ અને સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા માન્ય જીત કુને ડૉ'ની દ્વિતીય સ્ટેટ ટુર્નામેન્ટ રવિવારે કુડાસણ ગામે સ્કૂલ ઓફ એચીવર્સમાં આયોજીત કરવામાં આવી હતી.

સ્પર્ધાનાં ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં બ્રહ્માકુમારીઝ પરિવારનાં સંચાલીકા પૂજ્ય કૈલાશદીદી, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નાયબ સચિવ શ્રી ભાવેશ એરડા, નહેરૂ યુવા કેન્દ્રનાં સંયોજક શ્રી રજનીકાંત સુથાર, જીત કુને ડૉ. એસો. ગાંધીનગરનાં પ્રમુખશ્રી હેમંત અડાલજાનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

ગુજરાતનાં અલગ અલગ જિલ્લામાંથી આવેલ લગભગ ૩૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વયજૂથ પ્રમાણેની કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આવનાર વિજેતાઓને મેડલ અને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મેડલ સેરેમેનીમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, બ્રહ્માકુમારીઝ સંચાલિકા પૂ. કૈલાશદીદી, ઊર્જાનગર

બ્રહ્માકુમારીઝ રંજનદીદી, સ્કૂલ ઓફ એચીવર્સનાં એમ.ડી. શ્રી પ્રજ્ઞેશ પટેલ, જીત કાને ડુ એશો. ગુજરાત સ્ટેટ ટેકનીકલ એડવાઈઝર શ્રી વીનુભાઈ પરમાર, જીત કુને ડુ એશો. નેશનલ એડવાઈઝર શ્રી સતીષભાઈ અને ગાંધીનગર જિલ્લા જીત કુને ડૉના પ્રમુખ શ્રી હેમંતભાઈ અડાલજાનાં વરદ્‌હસ્તે સર્વ વિજેતાઓને મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

પ્રસંગોચીત પ્રવચનમાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ બાળકોની રમત પ્રત્યેની દૃષ્ટિની સરાહના કરી હતી. જીવનમાં દેશની સુરક્ષા કાજે સીવીલ ડિફેન્સ જોડાવા પ્રયાસ કરવા સૂચન કર્યુ હતું. આભારવિધિ હર્ષવર્ધન પરમારે કરી હતી. જ્યારે સમગ્ર સ્પર્ધાના કાર્યક્રમનું સંચાલન જીત કુને ડુ ગાંધીનગરનાં ઉપપ્રમુખ કશ્યપ નીમાવતે કર્યુ હતુ.

યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

ભારતની લાક્ષણિકતાઓ - ૧

॥ વીસમો મણકો ॥

આપણી માતૃભૂમિ. આ પુણ્યભૂમિ પ્રત્યે વિશ્વનું ઋણ ઘણું જ મોટું છે. દેશ-દેશ સાથે સરખામણી કરશો તો જણાશે કે દુનિયા જેટલી આ સહનશીલ હિન્દુની, નરમ હિન્દુની ઋણી છે તેટલી આ પૃથ્વી પરની કોઈ પણ પ્રજાની નથી. જેઓ પોતાની આંખો ખુલ્લી રાખે છે, જેઓ પશ્ચિમની જુદી જુદી પ્રજાઓના માનસની અંદર ચાલી રહેલી ક્રિયાઓને જાણે છે, જેઓ વિચારકો છે અને જેઓ જુદી જુદી પ્રજાઓનો અભ્યાસ કરે છે, તેમને જણાશે કે ભારતીય વિચારોના આ ધીમા પરંતુ નિરંતર ચાલુ રહેલા પ્રચારના પ્રભાવે વિશ્વની દૃષ્ટિમાં, તેની કાર્યપ્રણાલીમાં, તેની પધ્ધતિઓમાં અને તેના સાહિત્યમાં એક જબરદસ્ત પરિવર્તન થઈ રહ્યું છે.

દરેક પ્રજાનું એક વિશિષ્ટ વલણ હોય છે. તેના અસ્તિત્વનો એક જીવનહેતુ હોય છે. સમગ્ર દુનિયાના સામુહિક જીવનમાં પૂર્તિ કરવાનું એક વિશિષ્ટ જીવનકાર્ય હોય છે. દરેક પ્રજાએ પોતાનું એક આગવું જીવનકાર્ય સંપૂર્ણ કરવાનું છે. આપણી પ્રજાનું જીવનકાર્ય કદી રાજકીય મહત્તા કે લશ્કરી તાકાત નથી. એ કદી હતું પણ નહિ, એ કદી થવાનું પણ નથી. આપણું જીવનકાર્ય છે પ્રજાની સમગ્ર આધ્યાત્મિક શક્તિને સંભાળવાનું, જાળવવાનું, જાણે કે એક ડાયનોમાં સંઘરી રાખવાનું અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે એ સંગ્રહિત શક્તિને દુનિયામાં પૂરની પેઠે વહાવી દેવાનું. જગતને માટે ભારતનું દાન અને પ્રદાન છે આધ્યાત્મિકતા. તેનો પ્રકાશ.

ધાર્મિક સંશોધનોએ એ સત્યને પ્રગટ કર્યુ છે કે એવો એક પણ દેશ નથી કે જેણે પોતાના શુદ્ધ નીતિ-નિયમો આપણી પાસેથી લીધા ન હોય. એક પણ ધર્મ એવો નથી જેણે આત્માની અમરતાના આ શુભ ભાવો પરોક્ષ કે અપરોક્ષ રીતે આપણી પાસેથી લીધા સિવાય અન્યતા મેળવ્યા હોય.

રાજદ્વારી જ્ઞાનનું દાન ઢોલ પિટાવીને અને બેન્ડ સહિત લશ્કરી કૂચ કરાવીને થઈ શકે છે, ભૌતિક જ્ઞાન અને સામાજિક જ્ઞાનની ભેટ આગ તલવારથી આપી શકાય છે. પરંતુ, જેવી રીતે ઝાકળ અદૃશ્ય રીતે અને નીરવપણે ઊતરી આવે છે. છતાં તેનાથી થોકેથોક ગુલાબ ખીલી ઊઠે છે, તેમ આધ્યાત્મિક જ્ઞાન તો કેવળ નીરવ શાંતિમાં જ આપી શકાય છે. ભારતે જગતને વારંવાર આપેલી ભેટ આ છે.

જ્યારે જ્યારે એક વિજેતા પ્રજા ઊંચી આવી છે અને જગતની પ્રજાઓને એકત્રિત કરીને રસ્તાઓ તથા વાહનવ્યવહાર શક્ય બનાવ્યો છે ત્યારે ત્યારે તરત જ ભારત આગળ આવ્યું છે અને વિશ્વના વિકાસકાર્યમાં આધ્યાત્મિક શક્તિ સીંચવામાં પોતાનો ફાળો આપ્યો છે. વિશ્વના વિચાર ભંડારમાં ભારતનો ફાળો, ઉષઃકાળમાં અદૃષ્ટ ને નીરવપણે ઊતરી આવતી અને સુંદર ગુલાબને ખીલવતી મૃદુ ઝાકળ જેવો છે. ચૂપચાપ, પરખાયા વગર છતાં પોતાના પ્રભાવમાં સર્વ શક્તિમાન બનીને એણે જગતની વિચારધારમાં ક્રાંતિ લાવી મૂકી છે. અને છતાં કોઈ જાણતું પણ નથી કે એણે એ ક્યારે કર્યું છે.

ભારતીય વિચારધારાની વિશેષતા છે તેની નીરવતા, તેની શાંતિ. તે સાથે જ તેની પાછળ રહેલી પ્રચંડ શક્તિ હિંસા દ્વારા કદીયે વ્યક્ત થઈ નથી. ભારતના રાષ્ટ્રીય જીવનમાં એવો એક પણ સમય આવ્યો હોય કે જ્યારે દુનિયાને હચમચાવી મૂકે તેવી આધ્યાત્મિક શક્તિવાળો મહાન પુરુષોનો અભાવ દેખાયો હોય, તો તે બતાવવાનું સ્વામીજી સૌ કોઈને આહ્‌વાન આપે છે. (અપૂર્ણ)

એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં આદર્શ શિક્ષકની વિભાવના દર્શાવતું વ્યાખ્યાન યોજાયું

ડૉ. રોનકભાઈ શોધને પ્રેરણાદાયી વિચારો પોતાના વ્યાખ્યાનમાં રજૂ કર્યા

ગાંધીનગર, તા.૨૦

એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશનના ઉપક્રમે તાજેતરમાં તાલીમાર્થીઓને વર્તમાન મૂલ્યલક્ષી તેમજ આઈડિયલ ટીચર્સની વિભાવના સ્પષ્ટ થાય તે હેતુથી પ્રેરણાલક્ષી વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

કોલેજની વ્યાખ્યાન માળામાં ડૉ. રોનકભાઈ શોધને આદર્શ શિક્ષકની લાક્ષણિકતાઓ વિવિધ ઉદાહરણો દ્વારા વ્યકત કરીને એક આદર્શ શિક્ષક કલાકાર, માળી, આર્કિટેક, ડોકટર અને હંમેશને માટે હકારાત્મક વિચારો ધરાવનાર હોવો જોઈએ એવા પ્રેરણાદાયી વિચારો પોતાના વ્યાખ્યાનમાં રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમમાં બી.એડ. અને એમ.એ. કોલેજના અધ્યાપકો તેમજ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે કોલેજના એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞારાબોન જોશીએ ઉપસ્થિત સૌને આભાર વ્યકત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગોસ્વામીભાઈએ કર્યું હતું.

ગુજ યુનિ દક્ષિણ વિભાગની વોટરપોલો સ્પર્ધા ગાંધીનગર ખાતે યોજવામાં આવી

ગાંધીનગર, તા.૨૦

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની યજમાન પદે ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગની સ્વીમીંગ -વોટરપોલો સ્પર્ધા યોજાઈ હતી. અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધારે ૧૧ કોલેજોના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. એસ.વી. આઈ.ટી. વાસદ કોલેજ પ્રથમ ક્રમે, સરકારી કોમર્સ કોલેજ ગાંધીનગર સેકટર-૧૫ દ્વિતીય ક્રમે. જ્યારે વોટરપોલો સ્પર્ધામાં પ્રથમ ક્રમે વાસાદ કોલેજ, દ્વિતીય ધોળકા કોલેજ અને ત્રીજા સ્થાને સમર્પણ આર્ટસ કોલેજ ગાંધીનગર રહેલ હતી.

તરણ સ્પર્ધાને સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય અને અધ્યાપક મંડળના પ્રમુખ ડૉ. જે.એમ. પ્રજાપતિ, પૂર્વ પી.ટી.આઈ. મોતીસિંહ અટોદરીયા, દક્ષિણ વિભાગ સ્થાનિક રમતગમત સમિતિના જોઈન્ટ સેક્રેટરી ડૉ. રણજીતસિંહ ઝાલાએ દીપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લી મુકી હતી.

ડૉ. જે.એસ. પ્રજાપતિએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, હાલના ઝડપી અને કોમ્પ્યુટર યુગમાં જ્યારે યુવાનની શારીરિક સજ્જતા કેળવવા પ્રેરણારૂપ બનશે તેમ જણાવી છે. સમગ્ર સ્પર્ધાનું સંચાલન એમ.વી. મોડિયાએ કરલે હતું. પ્રા. સુરેન્દ્રસિંહ વાઘેલા સહયોગ આપ્યો હતો.

ભારત વિકાસ પરિષદ યોજિત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં વીરરસનાં ગીતોએ લોહી ધગધગતું કર્યું

દસ શાળાઓ વચ્ચે થયેલી સ્પર્ધામાં દિલ્હી પબ્લીક સ્કૂલ અને બ્લાઈન્ડ સ્કૂલે વિજય ત્રિરંગો લહેરાવ્યો

ગાંધીનગર, તા. ૨૦

વીર રસથી જોશ ભરતાં રાષ્ટ્રીય સમૂહગાનના ગીતોથી ભારત વિકાસ પરિષદ દ્વારા યોજાયેલી સ્પર્ધા જોરદાર રહી. સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, સમર્પણના અભિયાનને વરેલી ભારત વિકાસ પરિષદે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ રાષ્ટ્રીય સમૂહગાન

પ્રતિયોગીતા યોજી.

પ્રાથમિક, માધ્યમિક અને સંસ્કૃત જેવા ત્રણ વિભાગમાં વહેંચાયેલી આ સ્પર્ધામાં ગાંધીનગરની બ્રાઈટ ઈન્ટરનેશનલ, શ્રીમતી આર.એન. પટેલ પ્રા. શાળા, બ્લાઈન્ડ સ્કૂલ, જોયફૂલ ઈન્ટરનેશનલ, દિલ્હી પબ્લીક સ્કૂલ, ફતેપુરા વારિગૃહ પ્રાથમિક શાળા, બ્રાઈટ સ્કૂલ (ગુજરાતી), ઉંવારસદ વિકલાંગ શાળા, સ્વામિનારાયણ ધામ વિદ્યાલય, કેન્દ્રીય વિદ્યાલય, સ્કૂલ ઓફ એચીવર જેવી શાળાઓએ ભાગ લીધો હતો. ભારત વિકાસ પરિષદનાં આ કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. કનુભાઈ મિસ્ત્રી અને અતિથિ વિશેષ શ્રી ગુણવંતભાઈ સોની તથા ધર્મેન્દ્ર પંડ્યાએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની સરસ્વતિ પૂજન સાથે શરૂઆત કરી હતી. પ્રતિયોગીતામાં ગવાયેલાં કુલ ૧૮ ગીતોના પહેલાં આ કાર્યક્રમનું સુત્ર સંચાલન કરતાં ગીતાબેન જેટલીએ ગૌરવવંતા ભારતીય ઈતિહાસની ચાણક્યથી નહેરૂ અને રાજા ભરતથી શિવાજી-બુદ્ધ સુધીનો રસપ્રદ માહિતીને જોશપૂર્ક અને ભાવપૂર્વક રજૂ કરી કાર્યક્રમને અત્યંત મજબૂત બનાવી દીધો.

અત્યંત રોમાંચક રહેલી આ પ્રતિયોગીતામાં પ્રાથમિક વિભાગમાં પ્રથમ ક્રમે દિલ્હી પબ્લીક સ્કૂલ, દ્વિતીય ક્રમે બ્રાઈટ ઈન્ટ. સ્કૂલ, તૃતીય ક્રમે બ્રાઈટ સ્કૂલ રહી. માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે બ્લાઈન્ડ સ્કૂલ દ્વિતીય બ્રાઈટ ઈન્ટ. સ્કૂલ, તૃતીય દિલ્હી પબ્લીક સ્કૂલ રહી ત્યારે સંસ્કૃત વિભાગમાં પ્રથમ દિલ્હી પબ્લીક સ્કૂલ અને દ્વિતીય ક્રમે સ્કૂલ ઓફ અચીવર રહી. સૌ વિજેતાને ટ્રોફી આપી સન્માનિત કરાયા. કાર્યક્રમની આભારવિધિ ભારત વિકાસ પરિષદનાં મંત્રી કુ. મેઘાવી વઘાસીયાએ કરી હતી.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય કબડ્ડીમાં દ્વિતીયક્રમે વિજેતા

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધા મહુડી ખાતે યોજાયેલ હતી. જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય ગ્રાન્ડેટ વિભાગની ટીમ દ્વિતીય ક્રમે વિજેતા બનેલ છે. જેમાંથી ૫ વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવેલ છે. રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ચૌધરી વર્ષા સી. ચૌધરી, મનિષા પી. ચૌધરી, અંજના જે. ચૌધરી, અસ્મિતા ચૌધરી.

કલોલમાં પ્રજાપતિ કેળવણી મંડળના કાર્યાલયમાં વૃક્ષારોપણ

સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા

ગાંધીનગર, તા.૨૦

ખાખરિયા છાસઠ પ્રજાપતિ કેળવણી મંડળના કાર્યાલયમાં રોટરી કલબ કલોલ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. ડીસ્ટીક ગવર્નર આશિષ દેસાઈ, આસી. ગવર્નર અમૃતભાઈ પ્રજાપતિ, કલબ પ્રેસિડેન્ટ પિયુશ જોશી, મંત્રી હિરેન પટેલ, કેળવણી મંડળના પ્રમુખ અમૃતભાઈ પ્રજાપતિ, મહામંત્રી બી.એમ. પ્રજાપતિ, ખાખરીયા સમાજના પ્રમુખ પોપટલાલ એસ. પ્રજાપતિ, મહામંત્રી બી.એલ. પ્રજાપતિ, મેનેજિંગ ટ્રસ્ટી ગોવિંદભાઈ દલવાડી, ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખ પોપટલાલ પ્રજાપતિ, છનાલાલ પ્રજાપતિ, ગાંડાલાલ પ્રજાપતિ તથા રોટરી કલબ તથા પ્રજાપતિ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સર્વ ધર્મ સમભાવની અનોખિ મિસાલ જોવા મળી જીઈબી કૉલોની, ગાંધીનગરમાં. અહીં રહેતાં હંસાબેન પ્રવિણચંદ્ર જોષીએ ૨૬ અને ૨૭મો એમ બે રોજા રાખ્યા અને પોતાના પાડોશી કૌશરબાનુ શેખને ત્યાં જઈ રોજા ખોલ્યા હતા. (તસવીર : હર્ષદરાય ઉપાધ્યાય)

આઝાદી પર્વની ઉજવણી દેશપ્રેમીના ઘર આંગણે થઈ

ગાંધીનગર, તા. ૨૦

વંદેમાતરમના બુલંદ નારા વચ્ચે ગાંધીનગરનાં સેવાના ભેખધારી ગજેન્દ્ર ખારોડે સેકટર-૮માં સંજય થોરાતના ઘરે ત્રિરંગો લહેરાવી સમાજસેવાના કાર્યોની સુવાસ ફેલાવવા યુવાનોને આહ્વાહન આપ્યું.

દરેક વર્ષે એક નવાજ સમાજ ઉપયોગી વિષયની થીમ પર રાષ્ટ્રધ્વજ લહેરાવી એને માનભેર સલામી આપાય છે. આ વખતે ગાંધીનગરની સેવાકીય પ્રવૃત્તિના ભેખધારી ગજેન્દ્ર ખારોડના હસ્તે ત્રિરંગો લહેરાવી સૌએ હોશભેર રાષ્ટ્રગીતનું ગાન કર્યું અને વંદે માતરમ, ભારત માતા કી જયના બુલંદ નારા લગાવ્યાં.

ગજેન્દ્ર ખારોડે એમણે શરૂ કરેલી સેવાકીય પ્રવૃત્તિનું વર્ણન કરી હાજર રહેલાં સૌ યુવાનોને હાકલ કરી કે આપણે સૌ સુખી- સમૃદ્ધ- સંપન્ન પરિવારનાં સભ્યો છીએ અને સમાજમાં ઘણાં લોકોને પુરતી ચીજવસ્તુ મળતી નથી. ત્યારે આપણી આ વયથી જ સમાજનાં કાર્યોમાં ફુલ નહી તો ફુલની પાંખડી જેવી મદદ કરી સેવાની સુવાસ ફેલાવવી જોઈએ.

ગાંધીનગરની રચનાત્મક પ્રવૃતિમાં અગ્રેસર એવાં ગેઝીયાના પ્રમુખ એચ.એમ. પટેલે પેટ્રોલીયમનો ઓછો વપરાશ કરી એવરેજ વાળી બાઈક અને ઓછામાં ઓછું અઠવાડીએ એકવાર સાયકલ ચલાવવાની હિમાયત કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલાં રાજુભાઈ પટેલ, ઝંકાર પટેલ, હસમુખભાઈ સોનીએ પણ સમાજસેવાનાં કાર્યોમાં કેવી રીતે ઉપયોગી થવાય એ માટે પોતાના વિચારો રજૂ કરી. એ પ્રમાણે વર્તવાની ખાતરી આપી હતી.

મને તો મારી મા આજે મારી સાથે છે એ વાતનો આનંદ છે

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

'કાલે હું ઘરે આવવા માગુ છું, મને લઈ જશો ?'

'હા.'

'કારણ નહીં પૂછો ?'

'એમાં વળી કારણ શેનું પૂછવાનું ? તારું ઘર છે, તું ગમે ત્યારે આવી શકે છે.'

'ઠીક છે, સવારે કે સાંજે ?'

'તું કહે ત્યારે.'

'ઓકે તો સવારે ૧૧ વાગે. અહીં જમીશું ને પછી સાથે જઈશું.'

'ઓકે.'

પ્રિતી અને અજિત વચ્ચેનો આ સંવાદ. પ્રિતી હજુ એકાદ માસ પહેલાં જ ખોળો ભરીને પિયર ગઈ હતી અને આટલા દિવસમાં તો એણે ઘરે પરત આવવા માટે પણ ઈચ્છા દર્શાવી. અલબત્ત, અજિતને એ વાતનું આશ્ચર્ય ન થયું. એ જાણતો હતો કે પ્રિતી એના વિના રહી શકતી ન હતી.

બીજે દિવસે નિયત થયા મુજબ એ પ્રિતીને લઈ આવ્યો. પણ ઘરે આવ્યા પછીય પ્રિતી મૂડમાં નહોતી લાગતી. અજિતે એ માટેનું કારણ પૂછ્યું તો એણે જણાવ્યું 'મારી મમ્મીને બ્લડ કેન્સર છે.'

'તો તારે આ પરિસ્થિતિમાં એની સાથે રહેવું જોઈએ.'

'હા, પણ હજુ અમે મમ્મીને આ વાત નથી કરી. એના દવાખાનાના ધક્કા વધી રહ્યા છે ને ઘરના બધા એમ ઈચ્છે છે કે મારે મારી સંભાળ લેવી જોઈએ, આવનાર બાળકનું ધ્યાન રાખવું જોઈએ. એટલે મને અહીં પાછી આવવા સમજાવી. અને એટલે હું પરત આવી ગઈ.'

'તારી શું ઈચ્છા છે ?'

'મારે મારી મમ્મી પાસે જ રહેવું છે.'

'ચાલ, મૂકી જાઉં.'

'ઘરે બધા નહીં માને.'

'હું મનાવી લઈશ.'

'એમને ચિંતા આપણા આવનાર બાળકની જ છે.'

'પણ મને નથી. મારા બાળક પાસે તું છે - એની મા, અને તારીય મા તારી સાથે હશે તો બાળકને તો બે માની કાળજી મળવાની. એટલે મને એની કોઈ ચિંતા નથી. તું તારે તને ઠીક લાગે એમ કર.'

અને ખરેખર અજિત પ્રિતીને પિયર પરત મૂકી આવ્યો. એના પિયરીયાઓને સમજાવી પણ આવ્યો કે પ્રિતીને પરત જવા દબાણ ન કરે.

અજિત જાણતો હતો કે લગ્ન પહેલાં સારાય ઘરની જવાબદારી પ્રિતીએ સંભાળી હતી અને હજુય આ ઘરમાં એની એટલી જ જરૂર હતી. વળી, પ્રિતી પોતાની માથી સૌથી વધુ નજીક હતી; એ રીતેય પ્રિતી પોતાની માની આવી ગંભીર માંદગીમાં એમની સાથે રહે એ એને જરૂરી લાગતું હતું.

દિવસો વિતતા ગયા. પ્રિતીના ગર્ભનું બાળક અને માતાના લોહીમાં વસી ગયેલું કેન્સર બેય વધતા જતા હતા. પણ પ્રિતી અડીખમ હતી. બાળક ને મા બેયની સંભાળમાં કોઈ કચાશ નહોતી રાખતી.

આખરે એક દિવસ એવો પણ આવ્યો કે માને પોતાની બિમારીની ખબર પડી ગઈ ને એણે ભારપૂર્વક પ્રિતીને પતિને ઘેર જવા સમજાવી. જવાબમાં પ્રિતીએ પણ સ્પષ્ટ ના પાડી અને કહ્યું, 'તારે બધા રિવાજ નિભાવવાના છે. મારો દીકરો આ ઘરમાં જન્મ લેશે ને એ સવા મહિનાનો થાય પછી જ હું એને અહીંથી લઈને જઈશ. તારે અમને વિધિપૂર્વક વિદાય આપવાની.'

'કોને ખબર - ત્યાં સુધીનો સમય છે કે નહીં મારી પાસે ?'

'મને ખબર છે, એટલો સમય છે તારી પાસે. અને આમેય મા, મોત તો એક દિવસ આવવાની જ છે. એના ડરથી આજની જિંદગીને શું કામ જીવવાની છોડી દેવી ? મને તો મારી મા આજે મારી સાથે છે એ વાતનો આનંદ છે. તને તારી દીકરી આજે તારા ઘરમાં છે, તારી સાથે છે એ વાતની ખુશી નથી ?'

'છે બેટા, બહુ જ ખુશી છે.'

'બસ તો એ ખુશીને મહેસૂસ કર, એનો આનંદ લૂંટ. અને આનંદ લૂંટ તારા ઘરમાં આવનારા બાળકનું મોં જોવાનો. નવી જિંદગી આવવાની છે એનું જોમ તારામાં હોવું જોઈએ. અને સાચું કહું તો મારી પણ ઈચ્છા છે કે મારું બાળક આ જ ઘરમાં જન્મ લે, મારા પિયરમાં.'

'એમ જ થશે બેટા, હું તારી ઈચ્છા પૂરી કરીશ. હવે તો મોત આવતી હશે તોય એને હું થોડા મહિના અટકાવી રાખીશ. પણ તને ને તારા સંતાનને આ ઘરમાંથી વિધિવત્ વિદાય આપ્યા વિના દુનિયા નહીં છોડું.'

'ગૂડ. મારે તારામાં આ જ હિંમત જોવી હતી. મારી માને મેં આખી જિંદગી મુસીબતો સામે લડતાં જોઈ છે ને અંતિમ સમય સુધી એને હું એવી જ જોવા માગું છું.'

'એવી જ જોવા મળશે તને તારી મા.'

મા-દીકરીનો આ સંવાદ પૂર્ણ થયો ને બેય પક્ષે જાણે મોરચો મંડાઈ ગયો. પ્રિતીએ વધુ ચોકસાઈપૂર્વક માની સંભાળ રાખવાનું શરૂ કર્યું ને એની માતાને પણ જાણે જીવવાની ચાનક ચડી હોય એમ કેન્સર સામે રીતસરની લડાઈ જ એમણે ચાલુ કરી.

આખરે થયું એવું જ જે બંનેએ ઈચ્છ્યું હતું. પ્રિતીએ બાળકને જન્મ આપ્યો ને એ બાળક સવા મહિનાનું થયું પછી માતાએ બાળક અને પ્રિતીને વિધિવત્ વિદાય પણ આપી.

એ પછી પણ સાડા ચાર મહિના એ જીવ્યા, પ્રિતીના દીકરાને પોતાના ખોળામાં રમાડ્યો, એને પોતાના ઘરમાં રાખવાની ને એની સાર-સંભાળ રાખવાની ઈચ્છા પણ પૂરી કરી ને એ પછી દેવલોક પામ્યાં. એમણે પ્રાણ છોડ્યા પ્રિતીની હાજરીમાં જ ને એ પછી પણ પંદર દિવસ જેટલો સમય પ્રિતી પોતાના પિયરમાં જ રહી.

અલબત્ત, સંવેદનશીલ દીકરીની સંવેદન યાત્રા અહીંથી પૂર્ણ ન થઈ. માતાના મૃત્યુ પછી એકલા પડી ગયેલા પિતા છેલ્લાં સાત વર્ષથી પ્રિતી અને એના પતિની સાથે જ રહે છે.

આખરે છે તો દીકરી - વ્હાલનો દરિયો તો હોય જ ને !